**ચિત્ર પલટાયું | આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં ભાજપા મયુરીબહેન પટેલને ભાગ લેવા દેવાના કોર્ટના આદેશ બાદ નાટ્યાત્મક વળાંક આવ્યો**

# આણંદ જિલ્લા પંચાયતમાં પાછલા બારણે પાટીદાર શાસન!

**કોંગ્રેસના સભ્યો બુમો** પડાતાં રહ્યાં અને પ્રમુખ-ઉપપ્રમુખ પદે કેસરીયો લહેરાયો



(પ્રતિનિધિ) આણંદ તા. ૨૫

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે સોમવારના રોજ યોજાયેલી ચૂંટણીમાં ભારે રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. હાઈકોર્ટના આદેશને પગલે ભાજપના ઉમેદવારને ચૂંટણી લડવા માટે માન્ય રખાતા વિપક્ષ દ્વારા વિરોધના સૂર ઉઠ્યા હતા, તેમ છતાં બહુમતીના જોરે ભાજપે સત્તા જાળવી રાખી છે. આ ચૂંટણીમાં ઉપપ્રમુખપદે ભાજપના જીલુભા સિંધા બિનહરીફ થયાં હતાં. જ્યારે પ્રમુખપદ ભાજપના ઉમેદવાર મયુરીબહેન પટેલને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા હાઈકોર્ટે મંજુરી આપી હતી. જે આદેશના પગલે પ્રમુખપદ માટે મયુરીબહેન પટેલ અને કોંગ્રેસના ગૌરીબહેન તડવી વચ્ચે ચૂંટણી યોજાઇ હતી. જેમાં મતદાન થતાં 31 વિરૂદ્ધ 7 મત મળતાં મયુરીબહેનને પ્રમુખપદે વિજય જાહેર કરવામાં આવ્યાં હતાં.

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદની ચૂંટણીનો રાજકીય ડ્રામા હજુ પૂર્ણ થયો નથી. આ પદ માટે રવિવારે ફોર્મ ભરવા અને ચકાસણી દરમિયાન ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલનું ફોર્મ અમાન્ય થયું હતું. આ આદેશ સામે ભાજપ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યાં હતાં. જેમાં ચૂંટણી અધિકારીના હુકમ પર સ્ટે આપવામાં આવ્યો હતો અને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા દેવામાં આવે. તેમ હાઈકોર્ટે જણાવ્યું હતું. જેના પગલે સોમવારના રોજ ભારે હોબાળા વચ્ચે પ્રમુખપદ માટે મતદાન થયું હતું.

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખપદની ચૂંટણી પહેલા કોંગ્રેસના સભ્યોને વિજય હાથવેંતમાં દેખાતો હતો. પરંતુ અધ્યાસી અધિકારી તરીકે જીએલપીસીના એમડી પ્રશસ્તી પરીખે અચાનક જ હાઈકોર્ટનો હુકમ ટાંકીને પ્રમુખની ચૂંટણીનો આદેશ આપતાં મતદાન થયું હતું. જેમાં કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબહેન તડવી (હાડગુડ) ને 7 મત મળ્યાં હતાં. જ્યારે ભાજપના મયુરીબહેન પટેલને 31 મત મળ્યાં હતાં. આ પહેલા ઉપપ્રમુખપદે જીલુભા સિંધા (કલમસર)ને બિનહરિફ જાહેર કર્યાં હતાં. આમ, ભાજપના બન્ને ઉમેદવાર વિજય થતાં વિજ્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ ચૂંટણી પ્રક્રિયાની શરૂઆતમાં જ ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલનું ફોર્મ માન્ય રાખવા મુદ્દે ગરમાગરમી જોવા મળી હતી. અધ્યાસી અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે, હાઈકોર્ટના આદેશ અનુસાર આ ફોર્મ માન્ય રાખવામાં આવ્યું છે. જેની સામે વિપક્ષી સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે, અગાઉ જે ફોર્મ રદ કરવામાં આવ્યું હતું તે આજે કઈ રીતે માન્ય રહી શકે? જોકે, અધિકારીએ આ એક વૈધાનિક પ્રક્રિયા હોવાનું જણાવીને વાદ-વિવાદને અવકાશ આપ્યો ન હતો. જોકે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિપક્ષી સભ્યોએ હાઈકોર્ટના આદેશો અને ૨૯ હજાર મતદારોના અધિકારોનો ઉલ્લેખ કરીને ન્યાયની માંગ કરી હતી.

આણંદ જિલ્લા પંચાયતની કુલ ૪૦ બેઠકોમાંથી ૨ સભ્યો ગેરહાજર રહ્યાં હતાં. હાજર ૩૮ સભ્યો વચ્ચે થયેલા મતદાનમાં કોંગ્રેસના પ્રમુખ પદના ઉમેદવાર ગૌરીબેન શંભુભાઈ તડવીને માત્ર ૭ મત મળ્યાં હતાં. ઉપપ્રમુખ પદ માટે માત્ર ભાજપના જલુભા પર્વતસિંહ સિંધાનું એકમાત્ર ફોર્મ માન્ય રહેતા તેમની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા જ ભાજપના કાર્યકરો અને સભ્યોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા લગાવી જીતને વધાવી લીધી હતી.

આણંદ કોંગ્રેસ દ્વારા હાલ આ મુદ્દે કોર્ટના દ્વાર ખખડાવવા ચક્રોગતિમાન કરવામાં આવ્યાં છે. જેના પગલે આ ચૂંટણીમાં ચડાવ ઉતાર જોવા મળશે.

### દીકરીના હક અંગે હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

'હાઈકોર્ટે આદિવાસી દીકરીના પક્ષમાં ચુકાદો આપી તેના બંધારણીય હકોનું રક્ષણ કર્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોમાં અનુસૂચિત જનજાતિમાં આવતા હોવાથી બંધારણીય જોગવાઈ મુજબ ઉમેદવારને પૂરો હક મળે છે. હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દ્વારા કરાયેલી રજૂઆત બાદ કોર્ટે આ મામલે તાકીદનો ઓર્ડર કર્યો હતો. આ દીકરી પાસે તમામ અસલ દસ્તાવેજો અને પિતાના પણ એસટી જાતિના પ્રમાણપત્રો હોવાથી સત્યનો વિજય થયો છે.' **- સંજયભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ, આણંદ.**

### કોર્ટમાં ૮મી જૂનના રોજ સાંભળવામાં આવશે

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદ માટે મયુરીબહેન પટેલના ફોર્મને લઇ હાઈકોર્ટ દ્વારા હાલ ચૂંટણીમાં ભાગ લેવાની મંજુરી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ફોર્મ માન્ય - અમાન્ય સહિતના મુદ્દાને લઇ ૮મી જૂનના રોજ હાઈકોર્ટમાં મુદત રાખવામાં આવી છે. બાદમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે. હાલ ફોર્મ અમાન્યના હુકમ પર સ્ટે છે અને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા દેવામાં આવે. તેવું હાઈકોર્ટે જણાવ્યું હતું.

### અજબ સંયોગ: કલમસર બેઠક જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદે ઇતિહાસનું પુનરાવર્તન થયું



આણંદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદ માટે ભાજપના જીલુભા સિંધાએ ઉમેદવારી નોંધાવતા રાજકીય વર્તુળોમાં ખાસ ચર્ચા જાગી છે. ખાસ વાત એ છે કે ખંભાત તાલુકાની કલમસર બેઠક માટે ફરી એકવાર રાજકીય ઇતિહાસ પુનરાવર્તિત થતો જોવા મળી રહ્યો છે. આ અગાઉની ટર્મમાં કલમસર બેઠક પરથી વિજયી બનેલા હિરાબેન સિંધાએ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે અઢી વર્ષ સુધી જવાબદારી સંભાળી હતી. હવે તાજેતરની ચૂંટણીમાં કલમસર બેઠક પરથી જીલુભા સિંધા વિજયી બન્યા છે અને તેઓ પણ ઉપપ્રમુખ પદ સુધી પહોંચવાના છે. એટલે સતત બીજી વખત કલમસર બેઠકના ભાજપના સભ્યને ઉપપ્રમુખ પદ મળવાનો સંયોગ સર્જાયો છે. જો ફ્લેશબેક પર નજર કરીએ તો વર્ષ 2005માં જીલુભા સિંધા ધુવારણ બેઠક પરથી ચૂંટાયા હતા, પરંતુ તે સમયે કોંગ્રેસે 35માંથી 22 બેઠકો જીતી સત્તા હાંસલ કરી હતી અને ભાજપ માત્ર 13 બેઠકો સાથે વિપક્ષમાં રહ્યું હતું. બાદ વર્ષ 2010માં જીલુભા સિંધાના પત્ની ગીતાબેન સિંધા ધુવારણ બેઠક પરથી ભાજપના સભ્ય તરીકે ચૂંટાયા હતા. હવે વર્ષો બાદ જીલુભા સિંધા ફરી જિલ્લા પંચાયતના સત્તાના મહત્વના પદ ઉપપ્રમુખ સુધી પહોંચતા તેમની રાજકીય સફરનો અને કલસસર બેઠકનો અનોખો સંયોગ રચાયો છે.

---

**ખેડા જિલ્લા પંચાયતમાં અણઆવડતને કારણે બેઠક વ્યવસ્થાના અભાવે સાંસદ અને ધારાસભ્યોનો ભારે રોષ**

# ખેડા જિલ્લા પંચાયતને 3 વર્ષે પ્રમુખ મળ્યાં

**હિતેશકુમાર તડવી** પ્રમુખ અને પ્રવિણસિંહ સોઢા ઉપપ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લા પંચાયત ભવન ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા સંપન્ન થઈ છે. જિલ્લા ભાજપ પ્રમુખ નયના પટેલે રજૂ કરેલા પક્ષના અધિકૃત મેન્ડેટ મુજબ, હિતેશકુમાર તડવીને પ્રમુખ અને પ્રવિણસિંહ સોઢા પરમારને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આ વરણી બાદ હવે જિલ્લાના અટકેલા વિકાસ કામોને ગતિ મળશે તેવી આશા સેવાઈ રહી છે.

ખેડા જિલ્લા પંચાયત ભવન ખાતે પ્રમુખ - ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા દરમિયાન વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી હતી. સભાખંડમાં હાજર રહેલા સાંસદ અને ધારાસભ્યો માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા ન કરાતા લોકપ્રતિનિધિઓને ઉભા રહેવાનો વારો આવ્યો હતો. આ ગેરવ્યવસ્થાથી નારાજ થઈને સાંસદે ડેપ્યુટી ડીડીઓને જાહેરમાં ઠપકો આપ્યો હતો અને ધારાસભ્યોએ પણ આ બાબતે સખત નારાજગી વ્યક્ત કરી હતી.

### વહીવટ લોકાભિમુખ બનાવવો જરૂરી

આગામી 2027ની વિધાનસભા ચૂંટણી પહેલા પંચાયતનું પ્રદર્શન નિર્ણાયક સાબિત થશે. ગ્રામીણ વિસ્તારોમાં પક્ષની પકડ મજબૂત કરવા માટે વહીવટને વધુ પારદર્શક બનાવવો પડશે. છેવાડાના માનવી, ખેડૂતો અને પશુપાલકોના પ્રશ્નોનું ઝડપી નિવારણ લાવવા માટે નવા હોદ્દેદારોએ ફિલ્ડમાં જઈને સ્થિતિનો તાગ મેળવવો પડશે.

### નવા પ્રમુખ સામે વહીવટને વેગ આપવાનો પડકાર

વહીવટદારના શાસન હેઠળ મંદ પડેલી જિલ્લા પંચાયતની કામગીરીને ફરી ધબકતી કરવી એ નવા હોદ્દેદારો માટે મુખ્ય પડકાર છે. ગ્રાન્ટનું સુચારુ આયોજન, કર્મચારીઓનો અસંતોષ દૂર કરવો, લાંબા સમયથી એક જ સ્થાને રહેલા કર્મચારીઓની બદલી અને અગાઉના આક્ષેપોની તટસ્થ તપાસ કરવી એ નવી બોડીની પ્રાથમિકતા રહેશે.

### તારાપુર ITIમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો

(પ્રતિનિધિ) તારાપુર તા.25

તારાપુરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) દ્વારા વર્ષ-૨૦૨૬ના નવા સત્ર માટે વિવિધ ટેકનિકલ અને વ્યવસાયલક્ષી ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તારાપુર આઈટીઆઈમાં ઉપલબ્ધ અભ્યાસક્રમોમાં એક વર્ષના ટ્રેડ તરીકે કોપા (COPA), મિકેનિક ડીઝલ, સુઈંગ ટેક્નોલૉજી (સીવણ), વેલ્ડર અને પ્લમ્બિંગ આસિસ્ટન્ટ જનરલનો સમાવેશ થાય છે. જ્યારે બે વર્ષના ટ્રેડમાં ઈલેક્ટ્રિશિયન અને ફીટર જેવા લોકપ્રિય કોર્સ માટે પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ૨૩મી જૂન, ૨૦૨૬ સુધીની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

# આણંદ જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં પક્ષપાત થયાનો આક્ષેપ

ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થયા છતાં કોંગ્રેસના પ્રમુખપદના દાવેદારને રાતોરાત 'સ્ટે' અપાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ જિલ્લા પંચાયતની પ્રમુખપદની ચૂંટણીમાં સત્તાધારી ભાજપના ઈશારે વહીવટી તંત્ર દ્વારા લોકશાહીના મૂલ્યો અને કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. પક્ષપાતી વહીવટી કાર્યવાહીને લઈને રાજકીય વાતાવરણ ગરમાયું છે.



આણંદ જિલ્લા પંચાયતની પ્રમુખપદની બેઠક આદિવાસી (ST) માટે અનામત છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જોકે, તેઓ મૂળ મહારાષ્ટ્રના વતની હોવાથી અન્ય રાજ્યના એસ.ટી. પ્રમાણપત્રના આધારે ગુજરાતમાં અનામતનો લાભ મેળવવા પાત્ર નથી. આ મામલે જિલ્લા વિકાસ અધિકારીએ કાયદેસરની કાર્યવાહી નોંધીને ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરવાનો ઓર્ડર કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે, ડીડીઓ દ્વારા કાયદેસરનો ઓર્ડર કરાયો હોવા છતાં, કોંગ્રેસ પક્ષના પ્રમુખ પદના ઉમેદવાર ગૌરીબેન તડવીને કોઈ પણ નોટિસ આપ્યા વિના રાતોરાત વચગાળાનો સ્ટે આપી દેવાયો હતો. આ પ્રક્રિયામાં સરકારી વકીલે પણ ચૂંટણી અધિકારીના ઓર્ડરનો બચાવ કરવાને બદલે ભાજપને મદદરૂપ થવાનું વલણ અપનાવ્યું હતું, જે વહીવટી તંત્રની મીલિભગત છતી કરે છે.

---

# નડિયાદના પ્રકાશ નગરમાં જૂની અદાવતમાં ધીંગાણું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદ શહેરના શીતલ સિનેમા પાછળ આવેલી પ્રકાશ નગર સોસાયટીમાં જૂની અદાવતની દાઝ રાખીને રબારી અને તળપદા પરિવારો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. આ ઘટનામાં ઉગ્ર બોલાચાલી બાદ પથ્થરમારો અને મારામારી થતા એક યુવકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે નડિયાદ ટાઉન પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે કુલ 9 લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત મુજબ, 23મી મેના રોજ સવારે પશુપાલક હેમરાજભાઈ રબારી દૂધ આપવા જઈ રહ્યા હતા ત્યારે પાડોશી મુન્ના તળપદાએ અગાઉની ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરી ચપ્પુથી હુમલાનો પ્રયાસ કર્યો હતો. બાદ જીતેન્દ્ર તળપદા સહિતના શખ્સોએ હેમરાજભાઈના ઘર પર પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સામા પક્ષે મેલા તળપદાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, હેમરાજ રબારી અને તેમના પરિવારના સભ્યોએ ઘરના ધાબા અને મંદિર પરથી પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં ભાવેશ રબારીએ છૂટી ઈંટ મારતા મેલાને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, જેને સારવાર માટે 108 મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે બંને પક્ષે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**નડિયાદ જિલ્લા અદાલતનો સીમાચિહ્નરૂપ ચુકાદો**

# કણજરીમાં યુવકની હત્યા કેસમાં બે ભાઈને આજીવન કેદની સજા

**પત્ની સાથે આડા** સંબંધની આશંકાએ યુવકની ક્રૂર હત્યા કરી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદ તાલુકાના કણજરી ગામે પત્ની સાથે આડા સંબંધો હોવાની શંકા રાખીને એક યુવકની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવાના કેસમાં નડિયાદની પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. આ ગુનામાં અદાલતે સંડોવાયેલા બે સગા ભાઈઓને આજીવન કેદની સજા ફટકારી ન્યાયનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ બનાવની વિગત મુજબ, કણજરી ગામમાં ભાથીજી મંદિર પાસે ૨૯મી એપ્રિલ ૨૦૨૩ની મધરાતે લોહિયાળ ખેલ ખેલાયો હતો. કિશન રાજેશભાઈ રાવળને વહેમ હતો કે મૃતક કિરણ રમેશભાઈ બારૈયાને તેની પત્ની સાથે આડા સંબંધો છે. આ અદાવત રાખીને કિશન રાવળ, તેના ભાઈ જીતેન્દ્ર ઉર્ફે ભોલો અને કોકિલાબેન રાવળે કિરણભાઈને આંતર્યા હતા. આ સમયે જીતેન્દ્ર અને કોકિલાબેને ફિલ્મીઢબે કિરણને પકડી રાખ્યો હતો, જ્યારે કિશને ચપ્પુ વડે કિરણના મોઢા, પેટ અને ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકી દઈ તેનું મોત નીપજાવ્યું હતું.

આ ચકચારી હત્યા અંગે ચકલાસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ જરૂરી પુરાવા એકત્ર કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરવામાં આવ્યું હતું.

આ કેસ નડિયાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. સરકારી વકીલ પ્રેમ આર. તિવારીની ધારદાર દલીલો, ૧૪ સાક્ષીઓની જુબાની અને ૧૯ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખી પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ પરવીન કુમારે આરોપીઓને તકસીરવાન ઠેરવ્યા હતા.

આ ચુકાદામાં કોર્ટે કિશન રાજેશભાઈ રાવળને ઈપીકો કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવી આજીવન કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો અને જીતેન્દ્ર ઉર્ફે ભોલોને પણ ઈપીકો કલમ ૩૦૨ અને ૧૧૪ હેઠળ આજીવન કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ ક્રૂર હત્યાના કેસમાં વૈજ્ઞાનિક અને દસ્તાવેજી પુરાવાઓ આરોપીને જેલના સળિયા પાછળ ધકેલવામાં નિર્ણાયક સાબિત થયા હતાં.

# આણંદની ફડચામાં ગયેલી મંડળીની થાપણો ચૂકવાશે

**થાપણદારોએ આધાર** પુરાવા સહ ખરાઈ કરાવવાની રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા ૨૫

આણંદમાં ફડચામાં ગયેલીના થાપણદારોને થાપણ ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાની ફડચામાં ગયેલી ધી બાકરોલ મર્કન્ટાઈલ કો. ઓપ. ક્રેડીટ સો.લી બાકરોલ, દિનદયાલ ઉપાધ્યાય કો. ઓપ. ક્રોડીટ સો.લી. આણંદ પદમાવતી કો. ઓપ. ક્રેડીટ સો.લી. ખંભાત, સિન્ધુ કો. ઓપ, ક્રેડીટ સો.લી. આણંદ, ભાગ્યલક્ષ્મી મહિલા વિકાસ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ખંભાત, કામધેનુ નારી કો. ઓપ ક્રેડીટ સો.લી. આણંદ, સામરખા નાગરીક કો. ઓપ. ક્રેડીટ સો.લી. સામરખાની થાપણો તથા બચતની રકમ ચૂકવવા માટે ફડચા અધિકારીએ નિર્ણય લીધો છે.

આ માટે દરેક થાપણદારે ફડચા અધિકારીની કચેરીમાં રૂબરૂ ઉપસ્થિત રહી પોતાની થાપણા તથા બચતના પુરાવા સહ ખરાઈ કરાવવાની રહેશે. થાપણ દારે થાપણ/બચતનો પુરાવો, ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ, બેંક ખાતાની પાસબુકની નકલ વગેરે રજૂ કરવાનુ રહેશે.

આણંદ જિલ્લાની ફડચામાં ગયેલી કેટલીક મંડળીઓના તમામ થાપણદારોને તેમણે મુકેલ થાપણ તથા બચતની પુરેપુરી રકમ ચુકવવા અંગે ફડચા અધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

---

# સાલૈયા ગામના પિતાએ સરહદ પર લડતા પુત્રને કિડની આપી

**ખેડૂત પિતાએ પુત્ર** પ્રત્યેના અજોડ પ્રેમ અને બલિદાનની અનોખી મિસાલ રજૂ કરી

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૫

આજના સ્વાર્થી સમયગાળામાં જ્યાં સંબંધોમાં લાગણીઓ ઓસરતી જાય છે, ત્યાં મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકાના સાલૈયા ગામમાં પિતાના ત્યાગની એક એવી અનોખી મિસાલ રજૂ કરી છે જે સાંભળીને સૌની આંખો ભીની થઈ જાય. દેશની સરહદે માઈનસ ડિગ્રી તાપમાનમાં ફરજ બજાવતા એક જવાનની બંને કિડની નિષ્ફળ જતા, તેના ૭૬ વર્ષીય વૃદ્ધ પિતાએ પોતાની કિડની આપીને પુત્રને મરણના મુખમાંથી ઉગારી લીધો છે.,

વીરપુર તાલુકાના સાલૈયા ગામના વતની ભરતકુમાર વાઘાભાઈ પગી ભારતીય સેનાના જવાન તરીકે જમ્મુ-કાશ્મીરના પુંછ સેક્ટરમાં ગ્લેશિયર ખાતે તૈનાત હતા. અતિશય ઠંડી અને પહાડોના કપરા વાતાવરણ વચ્ચે





સતત દેશસેવા બજાવતા આ જવાનની બંને કિડનીઓ કામ કરતી બંધ થઈ ગઈ હતી. દેશના રક્ષક જ્યારે પોતે જ જીવન અને મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

જ્યારે પુત્રને કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડી, ત્યારે તેના ૭૬ વર્ષીય પિતા વાઘાભાઈ કાળુભાઈ પગી જરા પણ ડર્યા વગર આગળ આવ્યા હતાં. વૃદ્ધાવસ્થામાં પોતે ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતા વાઘાભાઈએ પોતાના પુત્રને નવું જીવન આપવા માટે પોતાની એક કિડની દાન કરવાનો ઐતિહાસિક અને ભાવુક નિર્ણય લીધો.

તેમણે સાબિત કરી દીધું કે પિતાનું હૃદય પોતાના સંતાન માટે હંમેશા ધબકતું હોય છે. અમદાવાદની સેલબી હોસ્પિટલ ખાતે આ જટિલ કિડની ટ્રાન્સપ્લાન્ટ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. વૃદ્ધાવસ્થાના જોખમો હોવા છતાં, પિતાના અડગ મનોબળ અને તબીબોની મહેનતથી પુત્રને નવજીવન મળ્યું છે.

આ ઘટના માત્ર એક તબીબી સફળતા નથી, પરંતુ પિતા-પુત્રના પવિત્ર સંબંધ અને રાષ્ટ્રની રક્ષા કરનાર જવાન પ્રત્યેના એક પિતાના સર્વોચ્ચ બલિદાનની ગાથા છે. સાલૈયા ગામના આ પિતાએ આજે સમગ્ર સમાજને માનવતા અને નિઃસ્વાર્થ પ્રેમની સાચી વ્યાખ્યા સમજાવી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**